# પ્રકરણ – ૫

નીતિ ઘડતર અથવા નીતિના અમલ સબંધી જનતાના સભ્યો સાથે સલાહ – પરામર્શ અથવા તેમના પ્રતિનિધિત્વ માટેની કોઈ વ્યવસ્થા હોય તો તેની વિગત

૫.૧.૧

ઓફિસઃ– મદદનીશ કમિશ્નરશ્રી (લેન્ડ સેલ) વડોદરા.

| અ. નં. | વિષય/ મુદ્દો | શું જનતાની સહભાગીતા સુનિશ્રિત કરવાનું જરૂરી છે ? (હા/ના) | જનતાની સહભાગીતા મેળવવા માટેની વ્યવસ્થા |
|---|---|---|---|
| ૧ | સરદાર સરોવર યોજનાથી અસર પામતા અસરગ્રસ્તોના પુનઃવસન માટે ખાનગી જમીનો ખરીદવા અંગેની જિલ્લા કક્ષાની જીલ્લા જમીન ખરીદ સમિતિ | ના | આ સમિતિની રચના સરકારશ્રી તરફથી કલેકટરશ્રીના અધ્યક્ષપણા હેઠળ કરવામાં આવેલ છે. અને જે તે સબંધિત ખાતાના અધિકારીઓ તેના સભ્ય છે. બિનસરકારી કોઈ સભ્ય નથી. |
| ૨ | જિલ્લા જમીન ખરીદ સમિતિ ધ્વારા દરખાસ્ત કરેલ જમીનોના ભાવ મંજુર કરવા અર્થેની " તજજ્ઞ સમિતિ " | ના | આ સમિતિની રચના નામદાર હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયમૂતિશ્રીના અધ્યક્ષપણા હેઠળ કરવામાં આવેલ છે. અન્ય – ૩ સભ્યો નિવૃત્ત આઈ. એ. એસ. અધિકારીશ્રીઓ છે. જયારે કમિશ્નરશ્રી (પુ.વ.) સ. સ. પુ. વ. એજન્સી વડોદરાના એ સભ્ય સચિવ છે. બિનસરકારી કોઈ સભ્ય નથી. સમિતિ ને સરકારશ્રીએ બહાલી આપેલ છે. |

આનાથી નાગરિકને કયા આધારે નીતિ વિષયક બાબતોના ઘડતર અને અમલમાં જનતાની સહભાગિતા નકકી કરાઈ છે તે સમજવામાં મદદ થશે.

૫.૨.૧

| અ. નં. | વિષય/ મુદ્દો | શું જનતાની સહભાગીતા સુનિશ્રિત કરવાનું જરૂરી છે ? (હા/ના) | જનતાની સહભાગીતા મેળવવા માટેની વ્યવસ્થા |
|---|---|---|---|
| ૧ | જીલ્લા જમીન ખરીદ સમિતિ | હા અંશતઃ | આ સમિતિ પુનઃવસન માટે જમીનો પાંપ્ત કરવાને લગતી કામગીરી કરતી હોઈ જે ખેડૂતોએ જમીનો સંમતિથી વેચાણ આપવાની ઓફરો આપેલ હોઈ, તેવા જમીન માલીક / |

| | | | |
|---|---|---|---|
| | | | ખેડૂતો કે તેના પ્રતિનિધિઓ મિટીંગમાં હાજર રહી જમીનોના ભાવ તથા અન્ય બાબતોની રજુઆત કરી શકે છે. જરૂર જણાયે એજન્સીના હિતમાં તેઓનો સંપર્ક પણ કરી સહકાર મેળવવામાં આવે છે. |
| ૨ | તજજ્ઞ સમિતિ | ના | જનતાની સહભાગીતા મેળવવાની રહેતી નથી. |

૫:૧:૨

ઓફિસઃ– મદદનીશ કમિશ્નરશ્રી (આર.એન્ડ.ડી શાખા) વડોદરા.

| અ.નું | વિષય / મુદ્દા | શું જનતાની સહ ભાગીતા સુનિશ્ચિત કરવાનું જરૂરી છે (હા / ના) | જનતાની સહભાગીતા મેળવવા માટેની વ્યવસ્થા |
|---|---|---|---|
| (૨) | નર્મદા અસરગ્રસ્તોને ભૌતિક સ્વરૂપે ઉત્પાદકીય સહાયમાં "ખરીદ સમિતિ"<br><br>નર્મદા અસરગ્રસ્તોનું ઘડતર અને જીવન ધોરણ ઉચું લાવવા નર્મદા વસાહતનો વિકાસલક્ષી કામોનો અમલ કરવા "વસાહત સમિતિ" | હા | નર્મદા પુનઃવસવાટ એજન્સીના નિર્ણય આધિન અત્રેની આર.એન્ડ ડી. શાખા ધ્વારા રચના થયેલ છે.<br>રચનાઃ–<br>(૧) મદદનીશ કમિશરશ્રી(પુ.વ.).અધ્યક્ષ<br>(૨) નાયબ નિયામકશ્રી (પુ.વ.) ખેતી સેલ. સભ્ય<br>(૩) જે તે બળદ મેળાના સ્થળના કે તાલુકાના પશુ ચિકિત્સકશ્રી. સભ્ય<br>(૪) વિમા કંપનીના અધિકારી. સભ્ય<br>(૫) જે તે વસાહતના વિસ્તરણ અધિકારીશ્રી. સભ્ય<br>(૬) જે તે વસાહતની વસાહત સમિતિના વસાહત સાથી કે સભ્ય. સભ્ય<br>નર્મદા પુનઃવસવાટ એજન્સીના નિર્ણયો મિટીંગ કાર્યવાહી નોંધો, ઠરાવ, પરીપત્રો ને આધિન પ્રત્યેક નર્મદા વસાહતના વસાહત સમિતિની રચના થયેલ છે. અને તે વસાહતના વિકાસલક્ષી કાર્યો અને ફરજો બજાવે છે.<br>કુલ વસાહત : ૨૩૬<br>વસાહત સમિતિની રચના થયેલ વસાહતો :૧૮૦<br>વસાહત સમિતિની રચના બાકી :૪૮<br>વસાહતો જે કુટુંબ સંખ્યા બળ ઓછુ હોવાથી બાકીમાં છે. પરંતુ અમલ જારી છે. |

| | | | |
|---|---|---|---|
| | | | વસાહત સમિતિની રચના અને સભ્યોનું સંખ્યા બળ વસાહત કુટુંબોના સંખ્યા બળને આધિન છે.<br>(૧) ૨૦ થી ૫૦ કુટુંબોએ ૬ સભ્યો અને એક વસાહત સાથી.<br>(૨) ૫૧ થી ૧ એ ૮ સભ્યો અને એક સાથી.<br>(૩) ૧૦૧ થી ૧૫૦ એ ૧૦ સભ્યો અને એક સાથી.<br>(૪) ૧૫૦ કે તેથી વધુ ૧૨ સભ્યો અને એક સાથી. |

૫.૨:૧

ઓફિસ:— મદદનીશ કમિશ્નરશ્રી,(આર.એન્ડી.શાખા) વડોદરા.

| અ.નું | વિષય / મુદ્દા | શું જનતાની સહ ભાગીતા સુનિશ્ચિત કરવાનું જરૂરી છે (હા / ના) | જનતાની સહભાગીતા મેળવવા માટેની વ્યવસ્થા |
|---|---|---|---|
| ૧ | નર્મદા અસરગ્રસ્તોને ભૌતિક સ્વરૂપે ઉત્પાદકીય સહાય માં ખરીદ સમિતિનો ફાળો | હા | આ માટે સમિતિના અધ્યક્ષ, સમિતિના સભ્યોની હાજરીમાં નિર્ણય થાય છે અને વસાહતીની પસંદગી મુજબ ઉત્પાદકીય સહાય/ બળદ મેળવે તે માટે વ્યવસ્થાનું માળખુ ગોઠવાયેલ છે. અને સમિતિનો નિર્ણય આખરી રહે છે. |
| ૨ | નર્મદા અસરગ્રસ્તની વસાહતમાં વસાહત અસરગ્રસ્તનું જીવન ધોરણ ઉચું લાવવા વસાહતના વિકાસલક્ષી કામો/ અમલવારી માટે વસાહત સમિતિની રચના કરવામાં આવેલ છે. | હા | નર્મદા વસાહતના અસરગ્રસ્તોના પ્રાથમિક તેમજ ભૌતિક સુવિધાઓ અને પ્રશ્નો બાબતે કાર્યો કરવા વસાહત સમિતિની રચના કરવામાં આવેલ છે અને તે સમિતિના વસાહત સાથી સભ્યો ધ્વારા સંબંધિત વિભાગ એજન્સીને સંપર્કમાં રહી વસાહતના વિકાસના કામો કરે છે. તે ઉપરાંત ઉકત જણાવેલ ભૌતિક સ્વરૂપે ઉત્પાદકીય સહાય કામે રચાયેલ ખરીદ સમિતિના સભ્ય પદે પણ સંબંધિત વસાહતના વસાહત સાથી/ સભ્યોનો સમાવેશ કરવામાં આવેલ છે. આમ વસાહતના કામો અને ઉત્થાનના કામે વ્યવસ્થા ગોઠવેલ છે. |

૫ઃ૧ઃ૩

ઓફિસઃ– નાયબ નિયામક(આરોગ્ય સેલ),વડોદરા.

| અ.નું | વિષય / મુદો | શું જનતાની સહભાગીતા નિશ્ચિત કરવાનું જરુરી છે. | જનતાની સહભાગીતા મેળવવા માટેની વ્યવસ્થા |
|---|---|---|---|
| ૧ | દવા ખરીદ સમિતિ | ના | ના |

નોધ : સદર સમિતિ અરોગ્ય સેલ સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સી, વડોદરાના વર્ગ–૧ અને ૨ના અધિકારીઓની બનેલી છે. તથા આરોગ્ય સેલ ધ્વારા અપાતી સેવાઓ માટે જરુરી વાર્ષિક દવાઓ ખરીદવા નિર્ણય લેવા સારું કાર્ય કરે છે.

૫ઃ૧ઃ૪

માહિતી શૂન્ય છે.

૫.૧:૪

ઓફિસઃ– નાયબ નિયામકશ્રી (શિક્ષણ સેલ) વડોદરા.

| અ.નું | વિષય / મુદ્દા | શું જનતાની સહ ભાગીતા સુનિશ્ચિત કરવાનું જરૂરી છે (હા / ના) | જનતાની સહભાગીતા મેળવવા માટેની વ્યવસ્થા |
|---|---|---|---|
| ૧ | સર્વ શિક્ષા અભિયાન હેઠળ બાળકોને શાળામાં દાખલ કરવા શાળા બહાર જતા બાળકોને મુખ્ય પ્રવાહમાં લાવવા કન્યા શિક્ષણને ઉત્તેજન આપવું | હા | ભારત સરકારના માનવ સંશાધન મંત્રાલય પ્રારંભિક શિક્ષણ અને સાક્ષરતા વિભાગ ધ્વારા સર્વે શિક્ષા અભિયાન કાર્યક્રમમાં પાર દર્શકતા લાવવા નિયમોનું ઘડતર કરવા યોજના કરવા શાળા કક્ષાએ વિલેજ એજયુકેશન કમિટીની રચના કરેલ છે. |
| ૨. | શાળા કક્ષાએ બાળકોના શિક્ષણ માટે ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ કરવા બાબત.. | હા | સર્વે શિક્ષા અભિયાન હેઠળ શાળા કક્ષાએ ભૌતિક સુવિધા ઉપલબ્ધ કરવા માટે જરૂરી નિયમો કાર્યક્રમો નકકી કરવા શાળા કક્ષાએ ગ્રામ બાંધકામ સમિતિની રચના કરવાની હોય છે. તે મુજબ ગ્રામ બાંધકામ સમિતિ રચવામાં આવેલ છે. |
| ૩. | શાળામાં બાળકોનો પ્રવેશ શિક્ષણનું સાર્વત્રિકરણ કન્યા. | હા | શાળા કક્ષાએ એમ.ટી.એ મધર ટીચર્સ એસોશિએશનની રચના કરવામાં આવી છે. |
| ૪. | કેળવણી,વિકલાંકગ બાળકોનું શિક્ષણ વિગેરે શાળામાં બાળકોની નિયમિત હાજરી બાળકોનો અભ્યાસ સુવિધા ઉપલબ્ધ માટે ફાળો, કાર્યક્રમો માટે સૂચનો જન ભાગીદારીની બાબતો વિગેરે | હા | શાળા કક્ષાએ પી.ટી.એ. પેરન્ટ ટીચર્સ એસોશિએશનની રચના કરવામાં આવી છે. |

૫.૨:૪

| અ.નું | વિષય / મુદ્દા | શું જનતાની સહ ભાગીતા સુનિશ્ચિત કરવાનું જરૂરી છે (હા / ના) | જનતાની સહભાગીતા મેળવવા માટેની વ્યવસ્થા |
|---|---|---|---|
| ૧ | સર્વ શિક્ષા અભિયાન હેઠળ બાળકોને શાળામાં દાખલ કરવા શાળા બહાર જતા બાળકોને મુખ્ય પ્રવાહમાં લાવવા કન્યા શિષણને ઉત્તેજન આપવું | હા | શાળા કક્ષાએ વિલેજ એજયુકેશન કમિટીની રચના કરવામાં આવેલ હોય છે. જેના સભ્ય સચિવ મુખ્ય શિક્ષક હોય છે. મુદ્દામાં જણાવેલ બાબતોનો અમલ કરવા વિલેજ એજયુકેશન કમિટીની મીટીગમાં કાર્ય રૂપરેખા નકકી કરી તેનો અમલ કરવામાં આવે છે. કમિટીમાં કુલ સાત સભ્યો હોય છે. પ્રમુખ તરીકે પ્રજાના પ્રતિનિધિ હોય છે. ગ્રામના સરપંચ પ્રમુખ હોય છે. |

| | | | |
|---|---|---|---|
| ૨. | શાળા કક્ષાએ બાળકોના શિક્ષણ માટે ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ કરવા બાબત.. | હા | શાળા કક્ષાએ બાંધકામ સમિતિની રચના કરવામાં આવે છે. પ્રમુખ તરીકે સરપંચ હોય છે. સચિવ તરીકે મુખ્ય શિક્ષક હોય છે. બાંધકામ માટે સરકારશ્રી તરફથી મળતી સૂચના અન્વયે કાર્ય પ્રણાલી અનુસાર સમિતિમાં નિર્ણય કરી અમલ થાય છે. |
| ૩. | શાળામા બાળકોનો પ્રવેશ શિક્ષણનું સાર્વત્રિકરણ, કન્યા કેળવણી, વિકલાંગ બાળકોનું શિક્ષણ વિગેરે | હા | સમિતિમાં બાળકોનો શાળામાં પ્રવેશ શાળા નિયમિતતા, બાળકોની સ્વચ્છતા, પોષક આહારને લગતી બાબતોના અમલ માટે નિર્ણય થાય છે. આવી બાબતો માટે તાલીમ / અને માહિતીને લગત બાબતોના અમલ માટે કાર્ય રેખા નકકી થાય છે. સમિતિમાં વધુંમાં વધુ સાત સભ્યો હોય છે. |
| ૪. | શાળામાં બાળકોની નિયમિત હાજરી બાળકોનો અભ્યાસ સુવિધા ઉપલબ્ધ માટે ફાળો કાર્યક્રમો માટે સૂચનો જન ભાગીદારીની બાબતો વિગેરે. | હા | શાળા કક્ષાએસાત સભ્યોની બનેલી પી.ટી.એ પેરન્ટ ટીચર્સ એસોશિએશન કમિટીની રચના કરવામાં આવી છે. જેના પ્રમુખ શિક્ષિત વાલી હોય છે. સચિવ તરીકે મુખ્ય શિક્ષક હોય છે. મુદ્દામાં જણાવેલ બાબતોના અમલીકરણ માટે સર્વે સમિતિથી નિર્ણય કરી સહકારથી કાર્યનો અમલ થાય છે. |